

# વાઈલ્ડ લાઈફ કોન્ઝરવેશન ટ્રસ્ટ - રાજકોટ

ટ્રસ્ટ વન્ય પ્રાણીનાં સંરક્ષણ માટે અને ખાસ કરીને ગીર ફોરેસ્ટ અને ગીરનાં સિંહની જાળવણી માટે તમામ કામગીરી કરવા પ્રયત્નશીલ છે. જેમાં મુખ્યત્વે (૧) ગીર ફોરેસ્ટ અને ગીરનાં સિંહ બાબતે લોકોમાં જાગૃતિ લાવવી (૨) ગીરનાં સિંહ અને ગીરજંગલ વિશે માહિતી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ કરાવવાનો સમાવેશ થાય છે.

આ કામગીરી માટે ટ્રસ્ટનાં એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી કિશોરભાઈ કોટેચા તથા એકઝીકયુટીવ કમિટીનાં સભ્યશ્રી ડૉ. એમ.જી.મારડિયા, વિમલ રાવલ, બાલેન્દ્ર વાઘેલા, તુષાર ગોકાણી તથા કમલેશભાઈ શાહ સતત કાર્યશીલ છે.

હાલે ટ્રસ્ટ દ્વારા ગીરનાં કાંઠાળા વિસ્તારમાં ખુલ્લા કુવામાં પડીને મોતને ભેટતાં ગીરનાં સિંહને બચાવવા માટે ખુલ્લા કુવાના કાંઠા બાંધવાની પ્રવૃતિ હાથ પર લીધેલ છે.

ગીર જંગલની ફરતી ૬ કિ.મી. વિસ્તારમાં ૮૭૭૮ કુવા કાંઠા બાંધ્યા વગરનાં છે.

ખુલ્લા કુવાનાં કાંઠા બાંધવા માટે અંદાજિત ૮૪૦૦ થી ૧૦૦૦૦ રૂા. ખર્ચ થવા જાય છે. જે પૈકી ૪૦૦૦ રૂા. વન ખાતા દ્વારા આપવામાં આવશે. જ્યારે અન્ય ખર્ચ ટ્રસ્ટ દ્વારા ભોગવવામાં આવશે.

કુવાનાં કાંઠા બાંધવા માટે વનખાતા તથા ખેડુતો દ્વારા બેલા પથ્થરનો ઉપયોગ કરવામાં આવતો જેનાં કારણે રૂા.૨૦,૦૦૦ થી રૂા.૫૦,૦૦૦ નો ખર્ચ થતો.

ટ્રસ્ટ દ્વારા આર.સી.સી. પાટીયા પાટીયા વાપરીને સારી અને ઓછી ખર્ચવાળી ડીઝાઈન બનાવેલ છે. જે વનખાતા, ગાંધીનગર દ્વારા માન્ય કરવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા બનાવેલ ડીઝાઈનનાં મુખ્ય લાભ, ઓછો ખર્ચ, ઝડપથી બાંધકામ અને મજબુતાઈ મુખ્ય છે.

ટ્રસ્ટ દ્વારા હાલે : ૧૦૧ કુવાનાં કાંઠા બાંધવાની પ્રવૃતિ તા.૨૨-૯-૦૭ થી ધારી વિસ્તારમાં પાલીયા સેન્ચ્યુરી વિસ્તારનાં કોટડા, પાલીયા, ચાંચઈ તથા દલખાણીયા ગામમાં રહી છે, જે ૨ માસમાં પુર્ણ કરવામાં આવશે.

ટ્રસ્ટ દ્વારા ૯૬ કુવાના કાંઠા વેનીસીંગ હાર્ડ ફાઉન્ડેશન, બોમ્બેના સરકારમાં રહી ગીર વિસ્તારમાં બાંધી આપેલ છે.

છેલ્લા છ વર્ષમાં સિંહ કુવામાં પડી જવાના ૪૭ પ્રસંગો બનેલ છે. જેમાંથી ૨૪ સિંહોના મૃત્યુ થયાં છે. જ્યારે ૨૩ સિંહને વનખાતા દ્વારા બચાવવામાં આવેલ છે.

આ ઉપરાંત અન્ય વન્ય પ્રાણી જેવા કે દિપડા, હરણ વગેરે કુવામાં પડી જવાના પ્રસંગો બનેલ છે.

'સિંહના અસ્તિત્વ માટેના ખતરા પૈકીનો મોટો એક ખતરો ખુલ્લા કુવા છે'

કુવાના કાંઠા બાંધવા માટે, વનખાતા સાથે કરારનામું કરવામાં આવેલ છે.

ટ્રસ્ટ દ્વારા ગીરની આસપાસના ગામડામાં ગ્રામસભા ભરી ખુલ્લા કુવાથી સિંહ અસ્તિત્વ બાબતે જોખમ વિશે જાણકારી સહકાર મેળવવા પ્રયત્નો હાથ ધરેલ છે.